ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૨૪ ટકા

# પાટનગરમાં પાનખરથી પ્રોબ્લેમ : માર્ગોથી માંડીને મકાનો ધૂળધાણી

## સતત ખરતાં પાંદડાથી વાહનચાલકોને પરેશાની : આંતરિક અને મુખ્ય માર્ગો પર કચરાના ઢગ જેવી સ્થિતિ : દમ-એલર્જીના દર્દીઓ માટે પાંદડાની રજ મુશ્કેલી રૂપ : પાર્ક કરેલા વાહનોથી માંડીને આંગણાં સૂકાં પાંદડાની ગિરફતમાં

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં જાણે પાનખરની ઋતુ છવાઈ ગઈ છે અને હરિયાળા શહેરમાં ચોતરફ વૃક્ષો પરથી ખરતાં પાંદડા એક તરફ નવીન દૃશ્યો સર્જી રહ્યા છે તો બીજી તરફ તેના કારણે શહેરના મુખ્ય માર્ગોથી માંડીને આંતરિક માર્ગો પર સૂકાં પાંદડાનો કચરો જ ફેલાયેલો દેખાય છે. સતત પવન સાથે ખરતા પાંદડાની રજ દમ-એલર્જી કે શ્વાસની અન્ય તકલીફ ધરાવતા નાગરિકો માટે મુશ્કેલી પેદા કરી રહી છે તો સાથે સાથે પાર્ક કરેલા વાહનો પર પણ કચરો ફેલાવી રહી છે. માર્ગો પરથી પસાર થતાં ટુ-વ્હિલર ચાલકો સહિત ફોર વ્હિલર ચાલકોને પણ સતત ખરતાં અને ઉડતાં પાંદડાથી



મુશ્કેલી અનુભવાઈ રહી છે. ગૃહિણીઓ ઘરના આંગણામાં પાંદડાનો કચરો વાળી વાળીને થાકી જાય છે.

એક સમયે ગ્રીનેસ્ટ કેપિટલ તરીકે એશિયામાં મશહુર ગાંધીનગર અત્યારે ભલે એટલું હરિયાળું નથી રહ્યું પરંતુ હજુ પણ અહીંની વનરાજીના કારણે શહેર દરેક ઋતુમાં નીત નવા શણગાર સજે છે અને મૌસમે મૌસમે પાટનગરની સુંદરતા વૈવિધ્ય પ્રદર્શિત કરે છે. ગાંધીનગરનું ચોમાસું અને ઉનાળો જેટલો ખુબસુરત હોય છે તેટલી જ સુંદરતા વસંતઋતુમાં સોળે કળાએ ખીલી ઉઠે છે અને પાનખરના સમયમાં પણ શહેર એક અલગ જ સ્વરૂપ ધારણ કરે છે. અત્યારે શહેરના વૃક્ષો પરથી સતત સૂકાં પાંદડા ખરી રહ્યા છે જેના કારણે વૃક્ષો જાણે પિંખાઈ ગયા હોય તેવા દેખાય છે પરંતુ તે સાથે ખરતા પાંદડા શહેરના સેકટરોના આંતરીક માર્ગો પર એટલા બધા ફેલાઈ જાય છે કે જેના કારણે માર્ગો પર કચરાની સ્થિતિ જોવા મળે છે. મુખ્ય માર્ગો પર પણ પાંદડાનો કચરાનો ઢગ ખડકાય છે તેમજ આવતા જતા વાહનચાલકો ખાસ કરીને ટુ વ્હિલર ચાલકોને ખરતાં પાંદડાથી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વળી, આ ઉડતાં પાંદડાને કારણે માર્ગોની સાઈડમાં કે વૃક્ષો નીચે પાર્ક કરેલા વાહનો પર પણ કચરાની સ્થિતિ સર્જાય છે. પાંદડા સાથે ધૂળ પણ આવતી હોવાથી વાહનોની સ્થિતિ ધૂળ ધાણી થઈ જાય છે. આ સાથે સૂકાં પાંદડા સળગી ઉઠવાની અને સળગાવવાની ઘટનાઓ પણ સર્જાતી રહે છે.

### માસ્કને કારણે પાંદડાની રજથી બચી શકાય છે

સૂકાં પાંદડા જર્જરિત થઈ જતા હોવાથી ધૂળ સાથે પાંદડાની રજ પણ હવામાં ઉડતી રહે છે જે શ્વાસની તકલીફ, દમ-અસ્થમા કે એલર્જીની સમસ્યા ધરાવતા નાગરિકો માટે મુશ્કેલીરૂપ બને છે અને એકવાર શ્વાસમાં ઘુસેલી પાંદડાની રજ દર્દીને આખી રાત સૂવા દેતી નથી તેટલી ઉધરસ ખાંસી કરે છે. જો કે જે નાગરિકો અત્યારે કોરોના સંક્રમણથી બચવા યોગ્ય રીતે માસ્ક પહેરે છે તેઓ આ તકલીફથી બચી જાય છે.

## જન્મદિને વધામણી



મયંક દવે
મો. ૯૪૨૬૦ ૨૨૭૨૬



ડો. શંકરસિંહ રાણા




મુળજીભાઈ પરમાર 'દધિ'
મો. ૯૮૨૪૨ ૩૬૮૯૩



બેલાબેન સંદિપભાઈ વ્યાસ
મો. ૯૪૦૮૭ ૬૦૭૫૯



ધ્રુવકુમાર સીતારામભાઈ પટેલ
મો. ૯૮૯૮૦ ૯૫૨૦૦



ડોલ્સી દીપક પટેલ



તુષાર જગદીશચંદ્ર દવે
મો. ૮૫૧૧૮ ૮૮૭૧૨



કુણાલ



માહી ઠાકોર

# કેસો વધતા ડર નહોતો લાગ્યો તે શહેરીજનો મૃત્યુઆંક વધતા ચિંતાગ્રસ્ત બન્યાં...!!

ગાંધીનગર, તા.૩૧

સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગરમાં પણ કોરોના વાયરસ સંક્રમણે ફરી એકવાર વરવું સ્વરૂપ ધારણ કર્યું છે અને છેલ્લા કેટલાંક દિવસોથી સતત વધી રહેલા કોરોના પોઝિટીવ કેસોની સંખ્યમાં દિન પ્રતિદિન ઉછાળો આવતો જાય છે. જોકે વધતાં કોરોના કેસોથી નાગરિકોમાં અગાઉ જેવી ચિંતાનો માહોલ નહોતો સર્જાયો કેમ કે મૃત્યુદર અગાઉ કરતાં ખૂબ ઓછો હતો પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી મૃત્યુ દર પણ બે આંકડામાં આવવા લાગતા હવે નાગરિકોમાં ફડક પેસી રહી છે અને તાજેતરમાં શહેરમાં કોરોનાને કારણે થયેલા કેટલાક યુવાનો તથા આધેડ વ્યકિતઓના મોત પછી શહેરીજનો ચિંતામાં મુકાયા છે.

પાટનગરમાં કોરોના પોઝિટીવ કેસોની સંખ્યાનો આંકડો પચાસથી ઉપર આવવા લાગ્યો છે તેજ રીતે મૃત્યુઆંક પણ ૧૦થી વધુ નોંધાય છે જેના કારણે શહેરીજનોને ચિંતા થવા લાગી છે. શહેરીજનોને એ પણ ખબર છે કે તંત્ર દ્વારા જે આંકડા જાહેર કરાય છે તેના કરતા પણ વાસ્તવિક આંકડા મોટા છે તેથી થોડા દિવસ અગાઉ જયારે કોરોનાની બીજી લહેરમાં કેસોની સંખ્યા વધવા લાગી ત્યારે નાગરિકોને એટલી ચિંતા નહોતી સર્જાઈ જેટલી મૃત્યુ આંક વધવાને કારણે જોવા મળી રહી છે. અગાઉ મૃત્યુ આંક ઓછો હતો તેથી નાગરિકોમાં સંક્રમણનો ભય ઓછો હતો પરંતુ હવે મૃત્યુઆંક પણ વધવા લાગતાં શહેરીજનો ગંભીર બન્યા છે. એમાં પણ સરકારી કચેરીઓમાં પણ વધેલા સંક્રમણ તથા યુવા આધેડ વયના દર્દીઓના નોંધાયેલા મૃત્યુએ શહેરીજનોમાં ફડક પેસી ગયેલી સ્પષ્ટ જણાઈ રહી છે અને કોરોના ફરી 'ટૉક ઓફ ધ ટાઉન' બનવા પામ્યો છે.

# જીએમએલની પહેલી લીગ મેચમાં ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમીનો વિજય

## પવન ઈમાનદારને ઓલ રાઉન્ડ દેખાવ બદલ 'મેન ઓફ ધ મેચ'નો ખિતાબ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં આજથી જીએમએલ ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ થયો છે અને પ્રારંભિક લીગ મેચમાં ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમીની ટીમે લાયન્સ ક્રિકેટ એકેડેમીને ૯૭ રનો હાર આપીનો ધમાકેદાર પ્રારંભ કર્યો છે. આ મેચમાં પવન ઈમાનદારનો ઓલરાઉન્ડ દેખાવનો પગલે 'મેન ઓફ ધ મેચ'નો ખિતાબ આપવામાં આવ્યો હતો.

ગાંધીનગર મેજર લીગ-જીએમએલની પહેલી લીગ મેચમાં ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમીની ટીમે ૪૯ ઓવરમાં દસ વિકેટે ૨૩૬ રનનો સ્કોર કર્યો હતો જેમાં રાહુલ પટેલે અર્ધી સદી સાથે ૫૮ રન, નંદન ઉપાધ્યાયે ૩૮, ધ્રુમિન પટેલે ૩૮ અને પવન ઈમાનદારે ૩૫



રન ફટકાર્યા હતા. લાયન્સ ક્રિકેટ એકેડેમીના વરૂણ રામાણીએ ૫૦ રન આપીને ૪ વિકેટ જયારે રાહુલ શાહે ૪૧ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. લાયન્સ ક્રિકેટ એકેડમી ૨૩૭ના લક્ષ્યાંકનો પીછો કરતા માત્ર ૨૫ ઓવરમાં જ ૧૩૯ રને સમેટાઈ ગઈ હતી જેમાં પવન ઈમાનદારે માત્ર ૨૦ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી જયારે કહન મજેઠીયા અને નિરવ પટેલે ૨૦૨ વિકેટ ઝડપી હતી. લાયન્સાના ધ્રુવ ઠકકરના લડાયક ૬૪ રન સિવાય કોઈ બેટસમેન ટકી શકયો નહોતો અત્રે ઉલ્લેખનીય છે કે જીએમએલને શેરથાની કે.બી. રાવલ કોલેજ ઓફ ફાર્મસી તથા સેટેલાઈટના એ.બી. જવેલર્સ દ્વારા સ્પોન્સર કરવામાં આવી છે.

# સે-૩-સી ખાતે કારની ટકકર વાગતા એકસેસ ચાલકને ઈજા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૩ સી ખાતે ગત રાત્રીના સુમારે એકસેસ ચાલક યુવાનને અજાણી કારના ચાલકે ટકકર મારતા યુવક નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. જયારે એકસેસને નુકશાન થવા પામ્યું હતું. જયારે અકસ્માત સર્જીને કાર ચાલક ભાગી ગયો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે નિશાંત દવેની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ સી પ્લોટ નં.૯૪૪-૨ ખાતે રહેતા નિશાંત કિશોરભાઈ દવે(ઉં.૨૧) પોતાના પરિવાર સાથે રહે છે અને ગીફટસીટીમાં આવેલી બેન્ક ઓફ અમેરીકામાં ટીમ મેમ્બર તરીકે કામ કરે છે. ગત તા.૨૯ ના રોજ રાત્રીના ૧૧ વાગે મિત્ર યુવરાજસિંહ વાઘેલા સેકટર-૩ સી ના ઘરેથી તેમનું એકસેસ નં. જી.જે.૧૮.સી.જે.૭૫૭૫ લઈને નિશાંત સેકટર-૭ ખાતે ઘર તરફ જઈ રહ્યો હતો તે સમયે એક અજાણી કારના ચાલકે ટકકર મારી ફરાર થઈ ગયો હતો. જયારે નિશાંતને શરીરે સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે એકસેસને નુકશાન થયુ હતું. બનાવ અંગે પોલીસે ફરાર કાર ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# જૈન સોશ્યલ ગૃપ ઓફ ગાંધીનગરને બેસ્ટ પ્રેસીડેન્શીય કલબનો આંતર રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરની અગ્રણી સેવાકીય સંસ્થા જૈન સોશ્યલ ગૃપ ઓફ ગાંધીનગરને આંતર રાષ્ટ્રીય કક્ષાએ બેસ્ટ પ્રેસીડેન્શીયલ કલબનો એવોર્ડ તારીખ ૨૭/૦૩/૨૦૨૧નાં રોજ કોટા, રાજસ્થાન ખાતે ગૃપનાં પ્રેસીડેન્ટ શ્રી મધુસુદનભાઈ વોરાને એનાયત કરવામાં આવ્યો. જૈન સોશ્યલ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા ઉપરોકત બે વર્ષમાં નોંધનીય સેવાકીય પ્રવૃતિઓ કરી સમગ્ર આંતર રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવેલ છે. જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશનમાં વિશ્વ કક્ષાએ કુલ અંદાજે ૬૦૦ થી પણ વધારે ગૃપ કાર્યરત છે. જેમાં આ સિધ્ધી મેળવવા થી સમગ્ર જૈન સમાજ અને જૈન સોશ્યલ ગૃપ ઓફ ગાંધીનગર ગૌરવની લાગણી અનુભવે છે અને ભવિષ્યમાં પણ આવા ખુબ સમાજ ઉપયોગી સેવાકીય કાર્યક્રમો કરવા સંકલ્પ જાહેર કરેલ છે અને આવી સુંદર કામગીરી કરવા માટે ગૃપનાં પ્રમુખ મધુસુદનભાઈ વોરા તથા સર્વે કારોબારી સભ્યો, પૂર્વ પ્રમુખોને ખાસ અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરના વિપુલ પટેલ ગુજરાત સ્ટેટ બોકસીંગ એસોસીએશનના ઉપપ્રમુખ પદે વરાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સ્થાપના કાળથી આજ પર્યંત સામાજીક-સહકારી અને સેવાકીય પ્રવૃત્તિમાં સતત ઓતપ્રોત



રહેતા વિપુલભાઈ આર. પટેલ ગુજરાત સ્ટેટ બોકસીંગ એસોસીએશનના ઉપપ્રમુખપદે વરણી પામ્યા છે. ગાંધીનગર ડીસ્ટ્રીકટ બોક્સીંગ એસોસીએશનના પ્રમુખ વિપુલ આર. પટેલ સતત બીજા વર્ષે રાજયકક્ષાએ નિયુકિત પામતા શહેરના રમત પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. તેઓ ગાંધીનગર ડીસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસીએશન, ગાંધીનગર કુસ્તી એસોસીએશન અને ગાંધીનગર હોકી એસોસીએશનના પ્રમુખપદે કાર્યરત છે. ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંકના મેનેજીંગ ડીરેકટર તરીકે સેવાઓ આપતા વિપુલ પટેલ ગાંધીનગર ચરોતર પાટીદાર સમાજના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપે છે. આ ઉપરાંત ગાંધીનગર એન્જીનીયર આર્કીટેક એસોસીએશનના પૂર્વ પ્રમુખ તથા ગાંધીનગર બિલ્ડર એસોસીએશનના પ્રમુખ પદે પણ વિપુલ પટેલે નોંધપાત્ર સેવાઓ આપી હતી.

# ફિક્સ પગારના કર્મીઓને કોરોનાની ખાસ રજા મળશે

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત સરકારના વિવિધ વિભાગો અને કચેરીઓમાં કાર્યરત ફિકસ પગારના અને કરાર આધારિત કર્મચારીઓ જો કોરોનાથી સંક્રમિત થાય તો તેમને દસ દિવસની ખાસ રજા આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. જો તેઓની રજા જમા નહીં હોય તો પણ ખાસ કિસ્સામાં દસ રજા મંજૂર રાખવામાં આવશે.

# મધુર કવોલીટી કેરી રસનું નવું નજરાણું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., મધુર ડેરી દ્વારા ગ્રાહકોની સેવામાં નવું નજરાણું મુકવામાં આવ્યું છે. 'મધુર કવોલીટી કેરી રસ'નું નવું નજરાણું હવે મધુર પાર્લરો પર વેચાણ અર્થે મુકવામાં આવ્યું છે. આ ગુણવત્તાયુકત મેન્ગો મિલ્ક શેકનો આનંદ માણવા મધુર ડેરીએ ગ્રાહકોને અનુરોધ કર્યો છે.




વિવેકાનંદ યુવા કેન્દ્રના માધ્યમથી યોગ ટ્રેનર તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ કોચ શ્રી અમિતભાઈ દવે તથા દિવ્યાબેન દવેએ યોગની તાલીમ આપી યુવાનોને વ્યસન મુકિત માટે પ્રેરિત કર્યા હતા. આ શિબિરમાં મોટી સંખ્યામાં યોગ પ્રેમી યુવાનો જોડાયા હતા.

# એમ.વી.સુપર માર્કેટ પાસે કારનો કાચ તોડી ચોરી કરનાર એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ખોરજ ગામની સીમમાં આવેલ એમ.વી.સુપર માર્કેટ સામે પાર્ક કરેલી ઈનોવા કારનો કાચ તોડી લેપટોપ બેગ, જરૂરી કાગળો અને રોકડ રકમની ચોરી કરનાર એક શખ્સને અડાલજ પ્રભા હનુમાનજી મંદિર પાસેથી દબોચી લીધો છે. સુત્રો પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ કાન્તીભાઈ હીરાભાઈ, વિજયસિંહ નવલસિંહ, ધીરેન્દ્રસિંહ બહાદુરસિંહ સહિતના જવાનો અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે વિજયસિંહ અને ધિરેન્દ્રસિંહને સંયુકત બાતમી મળી હતી કે આજથી આશરે ૨૫ દિવસ અગાઉ વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ સર્કલ તરફ જવાના માર્ગ પર શાલીગ્રામ લેકવ્યુ નજીક એમ.વી.સુપરમાર્કેટ ની આગળ પાર્ક કરેલી ઈનોવા ગાડીનો કાચ તોડી બેગની ચોરી થઈ હતી. તે ચોરી સતિષ લાલીયાભાઈ ઈન્દ્રેકર તેમજ પ્રફુલ ઉર્ફે પારસ અતુલભાઈ ઘમંડે (બન્ને રહેવાસી છારાનગર અમદાવાદ) એ કરી હતી. જયારે સતિષ ઈન્દ્રેકર હાલ અડાલજ પ્રભા હનુમાનજી મંદિર પાસે ઉભો છે. જેથી એલસીબી પોલીસે તેને બાતમીવાળી જગ્યા પરથી પકડી પાડ્યો હતો. પોલીસે તેની અંગજડતી લેતા તેની પાસેથી રોકડ રૂ.૧૯,૫૦૦ મળી આવી હતી. પોલીસે તેની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા સતિષ તેમજ તેનો સાગરીત પ્રફુલ ઉર્ફે પારસ ઘમંડે (વોન્ટેડ) પોતાનું બાઈક લઈ અમદાવાદથી ઝુંડાલ સર્કલ તરફ જતા માર્ગ પર એમ.વી.જે.સુપર માર્કેટ પાસે પાર્ક કરેલી ઈનોવા કારનો કાચ ડીસમીસથી તોડીને પાછળની સીટમાં પડેલ લેપટોપ બેગ, જરુરી કાગળો અને રોકડ રૂપીયા રૂ.૨૫૦૦૦ હતા. જેમાં રોકડા રૂપીયા લઈને બેગ ફેંકી દીધી હોવાનું જણાવ્યું હતુ. પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર અનિલકુમાર બાનાજી
  ઉ.વ. ૨૫, શિહોલી મોટી
- સ્વ. પટેલ સુરેશચંદ્ર દુર્લભદાસ
  ઉ.વ. ૭૫, સેકટર-૨૪
- સ્વ. રબારી જશુબેન મુળજીભાઈ
  ઉ.વ. ૭૦, દશેલા
- સ્વ. પટેલ ભરતભાઈ જોઈતારામ
  ઉ.વ. ૫૭, સેકટર-૨૪
- સ્વ. વાઘેલા વસુબેન ભીખાજી
  ઉ.વ. ૫૫, પેથાપુર
- સ્વ. વાળંદ આનંદીબેન પ્રભુદાસ
  ઉ.વ. ૬૭, અંબાપુર

# ગાંધીનગરના કોમ્પ્યુટર એન્જિનીયર વેદાંગ પટેલને વાર્ષિક એક કરોડનું પેકેજ ઓફર

ગાંધીનગર, તા.૩૧

'સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી' આ ઉકિતને ગાંધીનગરના કડી કેમ્પસની એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના વેદાંગ પટેલે સાબિત કરી દેખાડી છે. કોમ્પ્યુટર સાયન્સ એન્જિનીયર વેદાંગ પટેલને અમેરિકા ખાતે નોકરી માટે એક કરોડ રૂપિયાથી વધુનું પેકેજ ઓફર કરવામાં આવ્યું છે.

પ્રાથમિક શિક્ષણથી હાયર સેકન્ડરી સુધીનો અભ્યાસ સે-૨૩ કડી કેમ્પસમાં પ્રાપ્ત કરનાર વેદાંગ પટેલે હૈદરાબાદની બીટસ-પીલાની ખાતેથી કોમ્પ્યુટર સાયન્સ ક્ષેત્રે એન્જિનીયરીંગ કર્યું હતું. જેમાં અભ્યાસ દરમિયાન તેમણે આઈઆઈટી-મંડી, આઈઆઈટી કાનપુર અને આઈઆઈટી ગૌહત્તી ખાતે તેમના રીસર્ચ પેપર્સ પ્રસ્તુત કર્યા હતા તેમજ ૨૦૧૪માં ગાંધીનગર ખાતેના બાયસેગમાં કામ કરવાની તક મેળવી હતી. આ પછી બેંગ્લોરમાં માઈક્રોસોફટમાં ફેલોશિપ કરનાર વેદાંગ પટેલને મશીન લર્નીંગમાં આપેલ કામગીરીના ભાગરૂપે અમેરિકાની ઓહાઓ સ્ટેટ યુનિવર્સિટી ખાતે માસ્ટર ડિગ્રી તથા પીએચડી પ્રોગ્રામ માટે સ્કોલશીપ સાથે પ્રવેશ પ્રાપ્ત થયો હતો. વેદાંગે ઓહાઓ સ્ટેટ યુનિવર્સિટી ખાતે જુનિયર્સ સ્ટુડન્ટના લેકચર્સ લેવા સાથે ડીઝર્ટેશન તૈયાર કરાવવાનું કામ પણ કરેલ છે. અત્યારે વેદાંગ પટેલનો માઈક્રોસોફટના વોશિંગ્ટન સ્ટેટ ખાતેના રેડમંડ



મુખ્ય કાર્યાલયમાં વાર્ષિક રૂપિયા એક કરોડ કરતા વધુ પગારથી જોબ ઓફર મળી છે જેમાં કંપનીએ તેમને ૭૦ હજાર ડોલરના મુલ્યના શેર્સ પણ ભેટ કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વેદાંગ પટેલ કડી કેમ્પસની ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન આચાર્યા ડૉ. વીણાબેન પટેલ અને સરગાસણ ખાતે મેડીકલ પ્રેકટીસ કરતા ડૉ. વિક્રમભાઈ પટેલના પુત્ર છે. વેદાંગ ચેસ રમવાના શોખીન છે અને ૨૦૦૪માં ગુજરાત ચેસ ચેમ્પિયનનો ખિતાબ પણ જીતી ચુકયા છે તેમજ અમેરિકાના લેક જયોર્જ શહેર ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય ચેસ ટૂનામેન્ટમાં પણ ભાગ લઈ ચુકયા છે. વેદાંગ પટેલે ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે પ્રેરક ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે તથા કડી સ્કુલ કેમ્પસ અને ગાંધીનગર શહેરનું નામ પણ અમેરિકામાં સન્માનિત કર્યું છે. તેમને તેમની આ સિધ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.